અજમા	૧૪૬૮-૨૧૨૧
મગફળીજાડી	૬૬૦-૮૪૬
મગફળીનવી	૬૩૦-૮૭૧
મગફળી જાડી	૬૨૫-૮૫૬
શીંગદાણા	૮૭૧-૧૦૦૦
જીરૂ	૨૪૪૧-૨૭૮૧
સોયાબીન	૫૭૧-૬૨૬
ગુવારબી	૬૨૧-૭૫૧
તલ કાળા	૧૩૦૦-૨૫૭૧
તલ લાલ	૧૭૭૧
રાયડો	૫૮૧-૮૦૧
વરીયાળી	૧૨૫૧

ગેરાજ માર્કેટયાર્ડ

મગફળી જાડી	૫૩૫-૭૮૧
મગફળીજાડી	૧૨૫૫-૮૧૦
લોકવન	૧૭૬-૭૩૫

આપની આજ



[illegible]	શાનમાં વૃધ્ધિ થાય.
[illegible]	મન આનંદ માં રહે.
[illegible]	ભાઈ-ભાંડુ સુખ સારૂ રહે.
[illegible]	વાણી વર્તનથી લાભ થાય.
[illegible]	હકારાત્મતા થી કામ પુર્ણ થાય
[illegible]	વાદ-વિવદથી દુર રહેવુ
[illegible]	સગા-મિત્રોથી સારૂ રહે.
[illegible]	નોકરીયાતવર્ગ માટે સારૂ રહે
[illegible]	સ્ત્રીવર્ગ માટે લાભદાયક.
[illegible]	દુર-દેશથી સારા સમાચાર મળે
[illegible]	દાંપત્યજીવન માં સારૂ રહે
[illegible]	હિતશત્રુઓથી સાવધ રહેવું.

તા.૫-૩-૨૦૧૫, ગુરૂવાર વિક્રમ સંવંત ૨૦૭૧, ફાગણ માસ પુનમ, હોળી, હોલીકા દહન, વ્રતની પુનમ, મઘા નક્ષત્ર, સુકર્મા યોગ, વિષ્ટિ કરણ આજે ચંદ્ર રાશી સીંહ(મ.ટ) રહેશે.

- રહિત જુવાણી



વાસ્તુ એન્ડ્રો

પંચાંગ માં વારનું વિશેષ મહત્વ છે, હાલ સમગ્ર વિશ્વમાં આ વારને એક થી બીજી રીતે સ્વીકારી લેવાયા છે, દરેક વાર સાથે તેના ગુણધર્મ જોડાયેલા છે. દા.ત. સોમવાર સાથે શિવનું મહત્વ તથા ચંદ્ર મહારાજ જોડાયેલા છે. જેનું અનુસંધાન મન સાથે છે, એજ રીતે રવિવાર સાથે સુર્ય જોડાયેલા છે. જે આત્માના કારક છે. મંગળ સાથે મંગળ મહારાજ જોડાયેલા છે જે જુસ્સા,આવેશ કે ગુસ્સા અને શક્તિ નું સ્વરૂપ છે. બુધવાર સાથે બુધ ગ્રહ તથા બુધ્ધિગમ્ય બાબત, સુક્ષ્મતા, વાદ-વિવાદ, નિર્ણય વિગેરે જોડાયેલ છે, ગુરૂ સાથે જ્ઞાન, આધ્યાત્મીકતા, અભ્યાસ, ગુરૂ વિગેરે તો શુક્ર સાથે શુંગાર, ભોગ-વિલાસ, કલા, રસ અને શનિ સાથે વૈરવગ્ય, કઠોર પરીશ્રમ, દંડ સંકળાયેલા છે.

ભુતકાળમાં ધુળેટીના થયેલા તોફાનોને કારણે પોલીસ તંત્ર દ્વારા અગમચેતીના પગલાઓ લેવાશે

જાફરાબાદમાં ધુળેટીના તહેવારને અનુલક્ષી સજ્જડ બંદોબસ્ત

જાફરાબાદમાં હજારો માછીમારો માટે ધુળેટી પર્વ દિપાવલી સમાન

દરિયાકાંઠામાં હોળી અને ધુળેટીના દિવસોમાં દારૂનો ઉપયોગ પાણીની જેમ થાય જાફરાબાદમાં ધુળેટીના પર્વે જ ધમાલની શકયતાને કારણે પોલીસ તંત્રમાં એલર્ટ

જાફરાબાદમાં ત્રણ દિવસ અગાઉથી પોલીસ બંદોબસ્ત મુકાઇ ગયો : સતત મોનીટરીંગ

અમરેલી,

જિલ્લાના દરિયાકાંઠાના જાફરાબાદમાં ધુળેટીના તહેવારોને અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દિપાવલીની જેમ જ દરિયાકાંઠાના ગામોમાં હોળી-ધુળેટીનો તહેવાર ઉજવાય છે અહી આ બન્ને દિવસોમાં શરાબ પાણીની જેમ વહેતો હોય છે અને ભુતકાળમાં અહી ધુળેટીના તહેવારો દરમિયાન ખારવા અને કોળી સમાજ વચ્ચે માથાકુટ પણ થઇ હોય પોલીસ તંત્ર દ્વારા ધુળેટીતો તહેવાર શાંતીથી પસાર થાય તેના માટે અત્યારથી જ જાફરાબાદમાં પોલીસ દ્વારા સજ્જડ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ત્રંબકપુરમાં એનએસએસ કેમ્પ યોજાયો

ધારી,ધારીના ત્રબંકપુરમાં કોમર્સ કોલેજ દ્વારા એનએસેએસ કેમ્પ યોજાયો હતો. કે.કે.પારેખ કોમર્સ કોલેજના બહેનોના એન.એસ.એસ.યુનિટનો ખાસ વાર્ષિક શિબિર ધારી તાલુકાના અંતરીયાળ ત્રંબકપુર મુકામે આયોજીત થયો હતો. કેમ્પ દરમિયાન ગ્રામ સફાઈ, સ્વિમુલ હત્યા વિરોધી ઝુંબેશ, મતદાર જાગૃતિ અભિયાન, આરોગ્ય વિષયક જાણકારી, મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, રકતદાન શિબિર, નેત્રચિકિત્સા અને મફત ચશ્મા વિતરણ, શૌચાલય માટે જાગૃતિ કેળવવા લોકડાયરો વગેરે જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. ઉપરાંત આર.એફ.ઓ. સી..પી.રાણપરીયા, આર.એફ.ઓ. ઠાકર, શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ધીરૂભાઈ વાગડીય, ભિપીનભાઈ જોષી, તેમજ લોક ડાયરા માટે બચુભાઈ રાબડાવાળા, અનેતેની ટીમ નેત્રચિકિત્સા માટે સુરદાંન હોસ્પીટલના વિજયભાઈ રાવળ અને તેની ટીમ, બ્લડ ડોનેશન માટે રેડક્રોશ તથા લાયન્સ કલબની ટીમ એંધશ્રધ્ધા નિવારણ માટે રજનીકાંત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ દરમિયાન ગામના આગેવાન બાબુભાઈ વેકરીયા, પરશોતમભાઈ બાવસીયા, મનુભાઈ ચાડ, પ્રકાશભાઈ વેકરીયા, યુવા સરપંચ નિલેશભાઈ બાવસીયા, મથુભાઈ સરવારા, વગેરેએ કેમ્પની સફળ માટે જહેમત ઉઠાવી હતી. તેમ પ્રોગ્રામ ઓફીસર પ્રા.જે. તતળાવીયા અને કોલેજના આચાર્ય ડો. એચ.એમ.શાહની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

અમરેલીનાં મોણપુર પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરાઈ

વિજ્ઞાનના પ્રયોગો, વૈજ્ઞાનિક રમકડા, વૈજ્ઞાનિક મોડેલ, વિજ્ઞાન પુસ્તકોનું પ્રદર્શન સહિત કાર્યક્રમો યોજાયા

અમરેલી,

અમરેલી તાલુકાની મોણપુર પ્રાથમીક શાળામાં તા.૨૮/૨/૨૦૧૫ને શનિવારના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી

આ કાર્યક્રમ અંતર્ગત શાળાનાં ૫ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસક્રમમાં સમાવિષ્ટ તમામ પ્રયોગો વૈજ્ઞાનિક રમકડાઓ વૈજ્ઞાનિકો મોડેલ્સ જાતે બનાવી રજુ કર્યા હતા વિજ્ઞાનના પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમામં ગામના સરપંચશ્રી એસએમસી અધ્યક્ષ અને સભ્યો ગામમાં આગેવાનો વાલીઓ તથા હાઈસ્કુલના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજરી રહી વિજ્ઞાન પ્રદર્શન નિહાળયું હતુ આ તબકે સી.આર.સી.કો ઓર્ડિ શ્રી ભીખુભાઈ અગ્રાવત ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા શાળાના હેડ ટીચર આશિપભાઈ ગોહેલના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન શિક્ષકશ્રી સંગીતાબેન પટેલ તથા સમગ્ર શિક્ષક ગણે વિજ્ઞાન પ્રદર્શનને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી અને શાળાનું વાતાવરણ વિજ્ઞાનમય બનાવ્યુ હતુ

બગસરામાં રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ

બગસરા,

બગસરા બાળ કેળવણી મંદિરમાં આગામી તા.૮ને રવિવારે સવારના ૮ થી ૨ સુધી વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાનાર છે આ કેમ્પમાં જીસીએચ હોસ્પીટલ અમદાવાદના તબીબો વિવિધરોગોનુ નિદાન કરશે બાળ કેળવણીકાર સ્વ.લાલચંદભાઈ વોરાની ૨૫મી પુણ્યતિથિ અને ૮મી માર્ચ વિશ્વ મહિલા દિન નિમિતે યોજનાર કેમ્પનો લાભ લેવા ડો.ઓર્ડિનેટર પંકજભાઈ ગાંગડીયાની યાદીમાં જણાવાયુ છે.

નાના ગોખરવાળામાં શિક્ષક દ્વારા બાળકોને માસ્ક વિતરણ કરાયા

બાળકોને સ્વાઈનફલૂ અંગે માર્ગદર્શન અપાયુ

અમરેલી, નાના ગોખરવાળા પ્રા.શાળામાં અવધ ટાઈમ્સનો અહેવાલ વાંચી સ્વાઈનફલૂ જેવા ગંભીર રોગચાળાથી બચવા માટે આ શાળાના કર્તવ્યનિષ્ઠ શિક્ષક શ્રી ધરેશભાઈ ગોહેલે શાળાના તમામ બાળકોને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાલીમીટીંગમાં પણ સ્વાઈનફલૂ વિશે જણકારી આપેલ હતી. શાળાઓ, શિક્ષકોને અને દાતાશ્રીઓ માટે પ્રેરણારૂપ ઉદા. પુરૂ પાડેલ છે. આ તકે આચાર્યશ્રી સેંજલીયા, એસ.એમ.સી. અધ્યક્ષ નાનજીભાઈ સાંગાણી, શ્રી જી.ડી.ભગત (એમ.ટી.એચ.એસ.) વાંકીયા હેલ્થ વર્કર શ્રી રોકડભાઈ અને સી.આર.સી. નાથાલાલ માધડે શુભેચ્છા સંદેશ સાથે કાર્યને બિરદાવેલ છે.ગીરીશભાઈ ઠાકરની યાદી જણાવે છે.

રાજુલામાં બાળાઓને ઈનામ વિતરણ

રાજુલા,રાજુલા શિવજીની શોભાયાત્રા નિમિતે મહાશિવરાત્રી પર્વે રાસમાં ભાગલેનાર સરસ્વતી કેળવણી મંડળની બપોરને શિવ ઉત્સવ કમિટી દ્વારા પ્રમુખશ્રી દિપકભાઈ શાહ (ઠેકેદાર) હસ્તે ઈનામ વિતરણ થયો હતો. અ પ્રસંગે જેટવા દમયંતિબેન, રમેશભાઈ, લાલુમોર હિંમતભાઈ, પટેલ અરવિંદભાઈ, ટાંક દિપકભાઈ, ગોસાઈ જયશ્રીબેન, વાઘેલા અનીતાબેન, સોંરાગર કોકીલાબેન, દિવ્યાબેન, મોરવાડીયા ડિમ્પલબેન, મહેતા રશ્મીબેન પંડિત સસિલાબેન, જોષી ઉષાબેન, ડિનિબેન બોરીસાગરના હસ્તે ઈનામ વિતરણ થયા હતા તેથી દિપક ઠેકેદારે જણાવ્યુ છે.

અમરેલીમાં કોળી સમાજની બેઠક મળી

અમરેલી,અમરેલીમાં કોળી સમાજની મહત્વની બેઠક કામનાથ મહાદેવમંદિરે મળી હતી. જેમાં જિલ્લા પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પરશોતમભાઈ મકવાણા, ભીખુભાઈ મકવાણા, હાર્દિકભાઈ મકવાણા, હાર્દિકભાઈ સોલંકીએ માર્ગદર્શન આપ્યું હતું. આ મીટીંગ સફળ બનાવવા પ્રમુખ હાર્દિકભાઈ સોલંકી, અજયભાઈ રાઠોડ, ચેતનભાઈ સોલંકી, મહેશભાઈ સોલંકી, મુન્નાભાઈ ડાબી સહિતે જહેમત ઉઠાવી હતી.

અમરેલી પટેલ સંકુલ એમએસસી માઈક્રો બાયોલોજી ત્રીજા સેમેસ્ટરનું સો ટકા

૮૦ ટકા વિદ્યાર્થીનીઓ ડિસ્ટીંકશન સાથે પાસ, યુનિવર્સીટીમાં ટોપટેન સંકુલની ૬ વિદ્યાર્થીનીઓ

અમરેલી, અમરેલી જિલ્લા લેઉવા પટેલ સંકુલ એમએસસી માઈક્રો બાયોલોજી કોલેના ત્રીજા સેમેસ્ટરનું પરિવાર ૧૦૦% આવેલ છે. તેમાં સંકુલની ૬ વિદ્યાર્થીનીઓ ટોપટેનમાં સ્થાન મેળવેલ છે. અને ૮૦%.વિદ્યાર્થીનીઓ ડિસ્ટ્રીકશન સાથે પાસ થયેલ છે. યુનિવર્સીટીમાં પ્રથમ ક્રમે સોજીત્રા રૂતુ ૭૯% શિંગાળા ભુમિકા ૭૮.૪૦%, ગજેરા શ્વેતા ૭૭%, ખાતરા પ્રિસંકા ૭૬.૨૦% સાથે ઉતિર્ણ થયેલ છે. જેને પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મનુભાઈ કાકડીયા, મનસુખભાઈ ધાનાણી, વલ્લભભાઈ રામાણી, ચતુરભાઈ ખુંટ, હિમાંશુભાઈ ભીમાણીએ આવકારી ખુશી વ્યક્ત કર્યાનું જણાવવ્યુ છે.

અમરેલી જિલ્લા કોલેજ પ્રિન્સીપાલ સેલ દ્વારા યુનિવર્સિટીનું વડુ મથક અમરેલી રાખવા માંગણી

વડુ મથક અમરેલી ન રાખો તો યથાવત સ્થિતી જાળવી રાખવા રજુઆત

ધારી,ગુજરાત સરકારશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ બજેટ દરખાસ્તમાં સૌરાષ્ટ્રને એક અલગ યુનિવર્સીટીની દરખાસ્ત થયેલ છે. જેમાં અમરેલી, જૂનાગઢ, પોરબંદર, ગીર સોમનાર જિલ્લાનો સમાવેશ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સાથે જોડાયેલ ઉપરોકત જિલ્લાની કોલેજોને સુચિત યુનિવર્સીટીમાં સમાવેશ કરવામાં આવનાર છે. સંભવત સુચિત યુનિવર્સીટીનું વડુ મથક જુનાગઢ રાખવામાં આવનાર હોવાનું અખબારોના માધ્યમથી જાણવા મળેલ છે. આ બાબતે અમરેલી જિલ્લા કોલેજ પ્રિન્સીપાલ સેલ દ્વારા જિલ્લાના સાંસદશ્રી તથા તમામ ધારાસભ્યશ્રીઓ તેમજ રાજકીય તેમજ સામાજીક અગ્રણીઓ દાતાઓને એક પત્ર પાઠવી રજુઆત કરવામાં આવેલ છે કે જૂનાગઢ શહેર જિલ્લામાં પ્રથમથી જ કૃષિ યુનિવર્સીટી અને તેનું વડુ મથક કાર્યરતે. એટલે કે જૂનાગઢ ને પ્રથમથી જ એક યુનિવર્સીટી મળેલ છે. ભૌગોલીક રીતે તેમજ શૈક્ષણિક - સામાજીક રીતે વર્ષોથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી - રાજકોટ સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત મુજબ નવી સૂચિત યુનિવર્સીટીનું વડુ મથક જૂનાગઢ ખાતે રાખવામાં આવે તો અમરેલી જિલ્લાની કોલેજોને વહીવટી શૈક્ષણિક અને સામાજીક વિસંગતતાઓ તેમજ પ્રતિકુળતાઓ ઉભી થાય તેમ છે. સૂચિત નવી યુનિવર્સીટીમાં જૂનાગઢની ૬૩ , પોરબંદરની ૧૦ અને ગીર સોમનાથની ૩૩ કોલેજો મળી મુળ જૂનાગઢ જિલ્લાની ૧૦૬ કોલેજો સામે અમરેલી જિલ્લાની માત્ર ૨૯ કોલેજો હોય, સુચિત નવી યુનિવર્સીટીની વહીવટી પ્રકિયામાં અમરેલી જિલ્લાની કોલેજોની વહીવટી ભાગીદારીની શકયતા નહીવત છે.સૂચિત નવી યુનિવર્સીટીનું વડુ મથક અમરેલીમાં રાખવામાં આવે અને તેને ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી તેમજ અમરેલીના સપૂત ડો. જીવરાજમહેતાનું નામકરણ કરવામાં આવે અથવા અમરેલી જિલ્લાની તમામ કોલેજોને નવી સૂચિત યુનિવર્સીટીમાં સમાવવાના બદલે હાલની સ્થિતીએ જેમ છે તેમ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી - રાજકોટ સાથેનું જોડાણ ચાલુ રાખવામાં આવે અથવા હાલમાં જેમ ભાવનગર જિલ્લામાં સ્થાનિક કક્ષાએ અલગ જિલ્લા કક્ષાની યુનિવર્સીટી કાર્યરત છે. તેવી જ રીતે અમરેલી જિલ્લાને અલગથી યુનિવર્સીટીની દરખાસ્ત કરવામાં આવે.

અમરેલીમાં ભરતી પરીક્ષા તાલીમવર્ગ યોજાયો

માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ દ્વારા થયેલુ આયોજન

અમરેલી,

અમરેલીમાં માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ દ્વારા પી.એસ.આઈ. કોન્સટેબલ, તલાટીમંત્રી પરિક્ષા માટે ફ્રી મેગા સેમીનાર યોજાયો હતો. માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીમાં તા. ૨૧/૦૨/૨૦૧૫ ને શનિવારના રોજ કોલેજ ઓડીટોરીયમમાં આ કોલેજ તથા સાર્મસ્થ એજયુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી તેમજ ઓજસ કલાસીસ અમરેલીના સંયુકત ઉપક્રમે પી.એસ.આઈ. - કોન્સ્ટેબલ , તલાટી મંત્રી પરિક્ષા માટે ફ્રી મેગા માર્ગદર્શન સેમીનાર આયોજીત થઈ ગયો.

આ કાર્યક્રમમાં ટીવી - ૯ ચેનલમાં દર અઠવાડીયે કેરિયરગુરૂ નામના પ્રોગ્રામમાં સમગ્ર ગુજરાતને માર્ગદર્શન આપનાર વકતા શ્રી પ્રફુલભાઈ ગઢવી, ઓજસ કલાસીસના સંચાલકશ્રી દિપકભાઈ ભટ્ટ, શ્રી ચિંતનભાઈ ઠાકર, શ્રી રાજુભાઈ ગઢવી સમગ્ર કોલેજ પરિવાર અને અમરેલી જિલ્લાનાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમીનારના પ્રારંભે શ્રી દિપકભાઈ ભટ્ટ - વકતાશ્રી પ્રફુલભાઈ ગઢવી અને પ્રિન્સી. ડો. સેન મેડમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ શ્રી પ્રફુલભાઈ ગઢવીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને પી.એસ.આઈ., કોન્સ્ટેબલ, તલાટી મંત્રી પરિક્ષા અંગેની માહિતી અને સચોટ માર્ગદર્શન પોતાની આગવી શૈલીમાં આપેલ હતું. આભાર દર્શનશ્રી રાજુભાઈ ગઢવીએ કરેલ હતું. કાર્યક્રમના અંતે શ્રી પ્રફુલભાઈઈ ગઢવીએ હાજર રહેલ વિદ્યાર્થીઓને તથા સમગ્ર કોલેજ સ્ટાફને સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની માર્ગદર્શીકા ગઢવીસ કરંટ અફેરનું વિતરણ કરેલ.

આજે અમરેલીના એસટી ડેપોમાં સ્વાઈનફલૂ અંગે કાર્યક્રમ યોજાશે

અમરેલી,આજે અમરેલીના એસટી.ડેપોમાં આજે સવારે દસ કલાકે એસટીના કર્મચારી મંડળ તથા અધિકારીઓ દ્વારા સ્વાઈનફલૂ અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરાયું છે.

સ્વાઈનફલૂ અટકાવવા શનીવારે શ્રી તળાવિયા દ્વારા મહત્વની બેઠક

અમરેલી,શનીવારે અમરેલીના જાણીતા ધર્મચરણવિદ શ્રી જિતેન્દ્રભાઈ તળાવિયા તથા જીવશાસ્ત્રી શ્રી બીપીનભાઈ જોષી દ્વારા સ્વાઈનફલૂને અટકાવવા માટે શુ કરી શકાય ગે માટે એક મહત્વની બેઠકનુ આયોજન કરેલ હોય સૌને ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.

અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી મળી

કારોબારી બેઠકમાં રાષ્ટ્રપતિ એવોર્ડી આઈપી બારડ અને મયુર દવેનું ભવ્ય સન્માન કરાયું : કારોબારીમાં પ્રશ્નોની ચર્ચા વિચારણા કરાઈ : પ્રગતી, પ્રવૃતિનો અહેવાલ અપાયો

અમરેલી,

અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારીમાં રાષ્ટ્રપતિ એવોર્ડીંગ આઈપી બારડ અને રાજયપાલ એવોર્ડી મયુરભાઈ દવેનું સન્માન કરવામાં આવ્યુ હતું. તા. ૨૨/૨/૧૫ ના મ્યુનિસીપલ ગર્લ્સ હાઈ ખાતે અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી બેઠક સભામાં સમારંભના અધ્યક્ષ શ્રી ડો. પ્રિયવદનભાઈ કોરાટ સદસ્યશ્રી અને ઉ.મા.શિ.બોર્ડશ્રી કનુભાઈ સોરઠીયા ઉપપ્રમુખ શાળા સંચાલક મહામંડળ, શ્રી હરદેવસિંહ જાડેજા સદસય, શ્રી મલ્હારભાઈ રાવળ સદસ્ય, પુંજાભાઈ આડેદરા પ્રમુખશ્રી પોરબંદર જિ.મા.શિ.સંઘની હાજરીમાં વર્ષ ૨૦૧૩/૧૪ માં નિવૃત થતા શિક્ષકોનું શાલ ઓઢાડી સન્માનિત કરેલ. તેમજ રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર જાળીયાના શિક્ષક આઈ.પી.બારડનું પોરબંદર જિલ્લાના પ્રમુખશ્રી પુંજાભાઈ આડેદરાના હસ્તે શાલ ઓઢાડી સન્માનીત કરેલ. સરસીયાના શિક્ષક મયુરભાઈ દવેને પણ રાજયના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળતા આચાર્ય સંઘના પ્રમુખશ્રી શેખવા સન્માનીત કરેલ તેમન સાહિત્યક્ષેત્રે પૂ. મોરારીબાપુના હસ્તે અવોર્ડ મળતા મેઘાણી હાઈસ્કુલના શિક્ષકશ્રી સ્નેહિ પરમારાનું પણ સન્માન કરવામાં આવેલ.

આ તકે શ્રી કાનજીભાઈ વસાણી, શ્રી મુકુંદભાઈ મહેતા, શ્રી નિતીનભાઈ બોરાણીયાની સેવા બદલ સન્માનીત કરેલ. મહેમાનોને આવકાર માધ્યમિક સંઘના પ્રમુખશ્રી પ્રવિણભાઈ વસરાએ આપેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કાર્યાલયશ્રી પરેશભાઈ રાઠોડ, જગતભાઈ દવે, નિખીલભાઈ ભટ્ટ, પી.બી.દેવમુરારી, પી.એમ.. જીકાદરાએ ભારે જહેમત ઉઠાવેલ. કાર્યક્રમને સફળ સંચાલન પ્રકાશભાઈ જોષીએ કરેલી. આ કાર્યક્રમમાં જયંતભાઈ જોષી, જે.એચ.પરમાર, રોહિતભાઈ મહેતા, તાલીમ ભવનના ઓ.એસ. એસ.ડી.ભારમલ ખાસ હાજરી આપેલ હતી.

ધાર્મિક કેટરર્સ
આપના ત્યાં આવતા શુભ પ્રસંગે બુફે ડિનર પાર્ટી, રીસેપ્શન પાર્ટીમાં સર્વિસ સાથે કેટરીંગ કરી આપીશું.
૪૯, સરદાર ઈન્ડીય કેટરર્સ, વિજય પંચાલ રોડ, અમરેલી
કનુભાઈ પટેલ મો. ૯૮૨૫૪ ૪૬૦૦૬
મયુર પટેલ મો. ૯૫૮૨૨ ૩૩૪૦૦

ખેડુત ભાઇઓ માટે ખુશ ખબર...ખુશ ખબર
વાડી માટે લાઇટના નવા કનેકશન માટે સીમેન્ટની ટાંકી ફાઇબરના દરવાજા વાળી મળશે
સ્ટાર્ટર માટે અલગ - અલગ સાઇઝમાં દરવાજા વાળી ટાંકી મળશે
નાની અને મોટી ગોળ તથા ચોરસ ટાકી હાજરમાં ઉપલબ્ધ
વિજય સિમેન્ટ પ્રોડકટ
૮ માલેકપરા, પાંચમાળીયા પાસે,વિજય ચોક, અમરેલી
ચંદ્રેશ એમ.ટાંક મો.૯૮૨૪૬ ૨૭૪૭૯

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
અમરેલી તા.૫-૩-૨૦૧૫ ગુરુવાર
પાના નં ૬

શ્યામ ડાઇનીંગ એન્ડ કેટરર્સ
શ્યામ ડાઇનીંગ હોલ
ઓપરેશન વિના હરસ-મસા ફીશરની સારવાર
ફક્ત ૧ મહીનાનો જ કોર્સ
ડૉ. રોતન બનજારા D.H.M.S.

બાબરીયાવાડ પંથકમાં સિંહોના ટોળાના આટાફેરા શરૂ : મારણના બનાવો વધ્યા

રાજુલાના મોટા આગરીયામાં સિંહ પરિવારે નીલગાયનુ મારણ કર્યુ

એકી સાથે આઠ સિંહોએ રાત્રીના ત્રાડો પાડી નીલ ગાયને ફાડી ખાધી

સિંહ પરિવારે આરામથી મારણ આરોગતા લોકોનો મોટો સમુદાય એકઠો થયો

બે સિંહોએ આખીરાત પહેરો ભરી છ સિંહોને મારણનો સ્વાદ માણવા દીધો

ઉનાળાની શરૂઆત પહેલા સિંહોના ટોળા મારણ અને તરસ છીપાવવા સીમમાં નીકળ્યા

રાજુલા,

જંગલના રાજા ગણાતા સિંહ હવે જંગલ વિસ્તારમાંથી બહાર નીકળી બાબરીયાવાડ પથકમાં સમુહમાં તરસ છીપાવવા અને મારણ આરોગવા નીકળી પડતા ખેડુતો અને ખેત મજુરો ધ્રુજી ઉઠયા છે રાજુલાના મોટા આંગરીયા ગામની સીમમાં ગત રાત્રીના આઠ સિંહોના ટોળાએ નીલગાયનું મારણ કરી ત્રાડો પાડતા વાડીએ આજઠોર રાખતા ખેડુતો ફફડી ઉઠયા હતા રાજુલાના મોટા આગરીયાની સીમમાં ગત રાત્રીના આઠ જેટલા સિંહોએ નીલગાયનું મારણ કર્યુ હતુ મારણ પાસે બે-બે સિંહ બેસીને અન્ય છ સિંહોને આરામ મારણ આરોગતા મળે તે માટે પહેરો (બંદોબસ્ત)જાળવ્યો હતો આ સિંહ પરીવારે રાત્રીના મોટા આગરીયા આદસંગ વચ્ચે સીમમાં નીલગાયનું મારણ કર્યુ હોવાના સમાચારો વાયુવેગે પ્રસરી જતા ગ્રામજનો લોકો સિંહોનો મારણ આરોગતા નિહાળવા ઉમાટી પડયા હતા સિંહોએ ત્રાડો પડયા હતા સિંહોએ ત્રાડો સાંભળી ગ્રામજનો આનંદીત થયા હતા તો ઘણા ભયભીત થયા હતા વન વિભાગના અધિકારીઓ સવાર સુધી આવ્યા જ નહોતા આદસંગ અને મોટા આગરીયા વચ્ચે દરરોજ સિંહોનુ ટોળુ વિહરતુ હોય મોટર સાયકલ ચાલકો આ સિંહોના ટોળા પાસેથી બિન્દાસ પસાર થાય છે વન વિભાગ ખેડુતો અને ખેત મજુરોની સુરક્ષા માટે વન કર્મીઓને તેનાત કરે તેવી ગ્રામજનોની માંગણી છે.

સાવરકુંડલામાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાઈ ગયા

પોલીસે દરોડો પાડી જુગારના પટમાંથી રોકડ રૂા.૩૫૨૦ જુગાર રમવાનું સાહિત્ય કબજે કર્યુ

અમરેલી,

સાવરકુંડલામાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે રોકડ અને જુગાર રમવાના સાહિત્ય સાથે ઝડપી પાડેલ

(અનુસંધાન પાનાં.૩)

કોમી ઓખલાસ જાળવવાના ભાગરૂપે પીઆઇ શ્રી અશોક પંડયા દ્વારા

અમરેલી સીટી પોલીસ મથકમાં શાંતિ સમિતિની બેઠક મળી : ચર્ચા વિચારણા

શહેરના લાઠી રોડ રેલ્વે ફાટકને ફોર ટ્રેક બનાવવા માટે પણ બેઠકમાં ચર્ચા થઇ

અમરેલી,અમરેલી શહેર હોળી-ધુળેટી પર્વ કોમી એખલાસ અને ભાઈચારા સાથે શાંતીમય રીતે વીતે તે માટે આજરોજ એસ.પી.શ્રીના માર્ગદર્શન અને સુચના હેઠળ શહેર પોલીસ મથકમાં શાંતિ સમીતીની બેઠક મળી હતી જેમા હિન્દુ મુસ્લીમ સમાજના આગેવાનો વેપારીઓ ઉપસ્થિત રહયા હતા.આ બેઠકામાં

વેપારી આગેવાનો દ્વારા રાજકમલ

(અનુસંધાન પાનાં.૩)

રાજુલાનાં વાવેરામાં જાહેરમાં જુગાર રમતા પાચ ખેલંદાઓ ઝડપાઈ ગયા

પોલીસે જુગારના પટમાંથી રોકડ કબજે લીધી

રાજુલા,હોળી-ધુળેટી પર્વમાં રાજુલાનાં વાવેરામાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે ઝડપી લઈ ગુનો નોધેલ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર રાજુલાનાં વાવેરામાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા ચંપુભાઈ લખુભાઈ ધાખડા દેવકુભાઈ સાવજભાઈ ધાખડા દિલુભાઈ ભોજભાઈ ધાખડા દિલુભાઈ બાબભાઈ ધાખડા અજીતભાઈ ચાપરાજભાઈ ધાખડા રે.વાવેરાને રોકડ રૂા.૧૫૪૫૦ની રોકડ સાથે પ્રો.પો.સબ ઈન્સ્પશ્રી દશરથસિંહ વાઢેર પ્રવિણભાઈ રેર રાણાભાઈ વરૂ ભાવેશભાઈ નરેન્દ્રસિંહ હિંમતભાઈ વિ.એ ઝડપી લઈ ગુનો નોધેલ છે.

છભાડીયાની સીમમાં મહિલાને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરીને મારમાર્યો

મહિલાને ત્રણ શખ્સોએ કપાસ વીણવાની ના પાડી અપમાનીત કરી માર માર્યાની ફરિયાદ

અમરેલી,દામનગરના ચભાડીયા ગામની સીમમાં એક મહિલાને ત્રણ શખ્સોએ કપાસ વીણવાની ના પાડી લાકડી વડે માર મારી ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાની ફરીયાદ આ

(અનુસંધાન પાનાં.૩)

અમરેલીમાં તાત્કાલીક હનુમાનજી મંદિરે આજે પુનમ ઉજવાશે

સાંજના સમયે સત્યનારાયણની કથાનુ આયોજન

અમરેલી,અમરેલી ચિતલ રોડ ઉપર આવેલ તાત્કાલીક હનુમાનજી મંદિરે અને નવરત્ન મહાદેવ મંદિરમાં આજે પુનમની ઉજવણી કરવામાં આવશે તેમજ રાત્રીના હોલીકાદહન થનાર છે,અમરેલી ચિતલ રોડ અવધ રેસીડેન્સીની બાજુમાં આવેલ સુપ્રસિધ્ધ શ્રી તાત્કાલીક હનુમાનજી મંદિર અને નવરત્ન મહાદેવ મંદિર આજે તા.૫ના રોજ સાંજના ૪ થી ૮ સત્યનારાયણ કથાનું આયોજન કરેલ છે જેનો ભાવીક ભાઈ બહેનોએ લાભ પુજારી બાબુભાઈ બામટાની યાદીમાં જણાવાયુ છે

દરેડમાં મૂતિ પ્રતિષ્ઠા મહોત્સવ

બાબરા,ચાવંડ નજીક આવેલા દરેડ ગામના ગોપનાથ મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનુ સમસ્ત ગ્રામજનો દ્વારા ભવ્ય આયોજન કરેલ છે.તા.૧૩/૩/૨૦૧૫ના હોમાદિ કાર્યક્રમ તેમજ ફલગણ વદ ૮ ને શનીવાર તા.૧૪/૩/૧૫ના રોજ સવારે ગણપતિ પુજન યજ્ઞકાર્ય જલાધિવાસ તત્વન્યાસપ્રાણપ્રતિષ્ઠા તેમજ સાંજે જ યાગ્યેયજ્ઞની પુર્ણાહુતી જશે.આ પ્રતિષ્ઠા યજ્ઞના આચાર્ય શાસ્ત્રી શ્રી દિપેશભાઈ ઈ.પંડયા (ભાગવત કથાકાર અકાળા વાળા) વેદમંત્રથી યજ્ઞકાર્યસંપન્ન કરાવશે.

જિલ્લામાં આઠ શરાબીઓ ઝડપાયા

અમરેલી,અમરેલી જિલ્લામાં નશો કરેલી હાલતમાં નીકળેલા બાબુ છના વાઘેલા રે.વઢેસ નટુ કાનજી ચાવડા ભુપત સોમા પરમાર પુના ઉર્ફે મુના વાલજી રે.અમરેલી લાલજી હિમત જાદવ રે.ઘેટી ભરત બોઘા કોળી રે.બગસરા પ્રતાપ ખીમા કોળી રે.ખેરા ઘીરૂ નાગજી મકવાણા રે.ધારીને પોલીસે ઝડપી લઈ ગુનો નોધેલ છે

ધારીના સેજલબેન દવે પી.એચ.ડી. થયા

આધુનિક સંદર્ભમાં સંસ્કૃત બૌધ્ધ જાતક કથાઓનું પરિશીલન વિષય ઉપર સંશોધન કર્યુ

ધારી,ધારીમાં રહેતા સેજલબેન પ્રવિણભાઈ દવેએ ડો. પ્રિ. મીનાક્ષીબેન બી. ભટ્ટ (ગોંડલ મહિલા કોલેજ) ના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત ભવનસૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં આધુનિક સંદર્ભમાં સંસ્કૃત બૌધ્ધ જાતક કથાઓનું પરિશીલન વિષય ઉપર રજુ કરેલ મહાનિબંધને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા સ્વીકાર કરીને પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે. ડો. સેજલબેન દવેની આવી ઝળહળતી સિધ્ધિ બદલ સ્નેહીજનોએ હર્ષની લાગણી અનુભવી રહ્યા છે. આસિધ્ધી બદલ ધારીના શિવાની દવે, મધુબેન દવે (શિક્ષીકા), રાજુલાના જયોત્સનાબેન જયંતિભાઈ તેરૈયા, ડો. મનુભાઈ ભરાડ, પત્રકાર હસમુખ દવેએ બિરદાવેલ છે.

વડિયામાં ઈંગ્લીશ દારૂ ઝડપાયો

અમરેલી,વડીયાના વાવડીમાંરહેતા ભાવેશભાઈ પ્રવિણભાઈને ઈંગ્લીશ દારૂ બોટલ નંગ-૧૨ કિ.રૂા.૩૬૦૦ના મુદામાલ સાથે હે.કોન્સ વી.એન.સોલંકીએ ઝડપી લઈ ગુનો નોધેલ છે.

ચલાલામાંથી યુવતિનુ અપહરણ

અમરેલી,ચલાલામાં રહેતા મહેબુબભાઈ નુરમહમદ સમાની પુત્રી જસ્મીનને ગામનો અલ્તાફ અબુ સંઘી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયાની ફરીયાદ નોધાવેલ છે

ધારાસભ્ય હિરાભાઇ સોલંકીના સઘન પ્રયત્નોથી

જાફરાબાદમા રોહિસા ધારાબંદર રોડના રૂા.૭૫ લાખ મંજુર કરાયા

રાજુલા,રાજુલા જાફરાબાદ ખાંભા વિસ્તારમાં વિવિધ રસ્તાઓની મરામત અને સુધારાના માટે ગ્રામ્ય વિસ્તારના આગેવાનો અને પદાધિકારીઓ દ્વારા રાજુલાના લોકપ્રિય અને જીગ્રુત ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકીની સમક્ષ રજુઆતો થયેલ હતી એઆ રજુઆતો તેઓશ્રી દ્વારા આનંદીબેન પટેલ મુખ્યમંત્રીશ્રી મંત્રીશ્રી નીતીનભાઈ પટેલ માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગર સમક્ષ રજુ કરેલ હતી તે અનુસધાને મુખ્યમંત્રીશ્રી તેમજ નીતીનભાઈ પટેલ દ્વારા હકારાત્મક અભિગમ દાખવી વિવિધ ક્ષેત્રે વિવિધ વિકાસના કામો મંજુર કરવાના ભાગરૂપે રોહિસા થી ધારાબંદર રોડ કિલોમીટર ૪ કામર રોડ કરવાના કામે રૂા.૭૫ લાખ મંજુર કરી જોબનંબર આપવામાં આવેલ છે જેનાથી આ વિસ્તારના પદાધિકારીઓ અને ગ્રામજનોમાં હર્ષની લાગણી ફેલાયેલ છે છે અને આ વિસ્તારના ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકીની કામગીરીને બિરદાવવામાં આવેલ છે.

ચલાલામાં સર્વરોગ કેમ્પ યોજાશે

ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પનો લાભ લેવા અનુરોધ

ચલાલા,

ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૧૬૬મો નેત્રયજ્ઞ દંતયજ્ઞ સર્વરોગ કેમ્પ યોજાશે જેનો લાભ લેવા અનુરોધ કર્યો છે

ચલાલા વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૧૧/૩/૨૦૧૫ બુધવારના રોજ ૧૬૬મો નેત્રયજ્ઞ તથા સર્વરોગ કેમ્પનુ આયોજન કરેલ છે.રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જિલ્લા એંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજનાર આ કેમ્પમાં નિષ્ણાત ડોકટરોની ટીમ સેવા આપશે.આંખના કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામુલ્યે નેત્રમણી મુકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે.દંતયજ્ઞમાં ડો.નિધિબેન પી.દેસાણી દાંતના તમામ રોગો જવા કે દાંત કાઢવા ચાંદી પુરવી વગેરેની સારવાર વિનામુલ્યે કરવામાં આવશે

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે ક્યાસ હરસ મસા ડાયાબીટીસ પેટના રોગો વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે.કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુ ના ગામોમાંથી વધુ મા વધુ લોકો લાભ લે તેવુ સંસ્થાના વડા શ્રી રતિદાદાની એક યાદીમાં જણાવાયુ છે.

ભિયાળમાં ફુલડોલ મહોત્સવ મોકુફ

બગસરા,

સ્વાઈન ફલુને કારણે આમ જનતામાં દહેશત ફેલાયેલ છે અને દિન પ્રતિ દિન તેનો ફેલાયો વધતો જાય છે જાહેર મેળાવડા અને અન્ય સમુહ માટે પ્રવર્તમાન સંજોગોમાં આ આયોજનો રદ કરવા અભિપ્રાયો આવતા અને સ્વાઈન ફલુના કહેરથી વિચારણા કરી શ્રી લાલવડરાય મંદિર ભિયાળ મુકામે પ્રતિ વર્ષ ફુલડોલ ઉત્સવ ઉજવાય છે હજારો વૈષ્ણવો એકત્ર થાય છે અત્યારની પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લઈ સ્વાઈન ફલુને નજરમાં રાખી તા.૦૭/૩/૧૫ને શનિવારના રોજ યોજેલ ફુલડોર ઉત્સવ બંધ રાખેલ છે સાથોસાથ બીજા દિવસે રખાયેલ વિવાહ ખેલનો કાર્યક્રમ મોકુફ રાખયેલ છે તેમ ટ્રસ્ટના પ્રમુખશ્રી ગોપાલભાઈ કોઠારી તથા મંત્રીશ્રી ગિરધરભાઈ મારડીઆ એક યાદી દ્વારા જણાવે છે.

દડવા(રાંદલ)મા માસ્કનું વિતરણ

સ્વાઈન ફલુ સામે રક્ષણ માટે આયોજન : તર્જજ્ઞોનું માર્ગદર્શન

દડવા (રાંદલ),

દડવા (રાંદલ) પ્રાથમીક શાળામાં માસ્કનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુકાવાવ તાલુના દડવા (રાંદલ) પ્રાથમીક શાળામાં સ્વાઈન ફલુ સામે રક્ષણ મેળવવા મહિલા દુધ ડેરીના પ્રમુખશ્રી વર્ષાબેન ખુટ તથા રીકલબેન વજપરા મનિષાબેન પોશિયા રીકલબેન ખુંટના સહયોગથી તમામ પ્રા.શાળાના બાળકોને માસ્કનુ વિતરણ કરવામાં આવેલને પ્રસંગે આચાર્યશ્રી વિનુભાઈ પાંચાણીએ સ્વાઈન ફલુથી બચવા કેવી કાળજી લેવી જોઈએ તેનુ માર્ગદર્શન આપેલ તેમજ પ્રા.શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાઈન ફલુને ઓળખ, તેનાથી બચવા જાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરેલ આચાર્યશ્રી વિનુભાઈ પાંચાણી તથા અબ્બીભાઈ પાનગુરીયા પરેશભાઈ બારડે માસ્ક વિતરણ કરનાર બહેનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી સારા વિચાર ને બિરદાવવામાં આવેલ હતી તેમ આચાર્યએ જણાવ્યુ છે.

રાણપર પ્રાથમિક શાળામાં સ્વાઈન ફલુ જાગૃતિ-માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો

રાણપર,(નરેશ દેશાણી)સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફલુએ હાહાકાર મચાવ્યો છે ભારે ત્યારે અમરેલી જિલ્લામાં અનેક લોકો ભોગ બનતા વિદ્યાર્થીઓમાં અને વાલીઓમાં જાગૃતિ અને સાવધાની વર્તે તે હેતુથી શ્રી રાણપર પ્રાથમીક શાળામાં સાવચેતી એ જ સમજદારી સ્વાઈન ફલુ સામે અસરકારક લડત માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો.જેમા સ્વાઈન ફલુના લક્ષણો સ્વાઈન ફલુથી બચવાના ઉપાયો વિશે જરૂરી માર્ગદર્શન શિક્ષકશ્રી કલ્પેશભાઈ ડાભી દ્વારા પુરૂ પાડવામાં આવ્યુ હતુઅને શાળા વ્યવસ્થાપન સમિતિના જાગૃતિ સભ્ય શ્રીમતી ફાલ્ગુનીબેન પી.ગોસાઈએ સ્વખર્ચે તમામ વિદ્યાર્થીઓને વિનામુલ્યે માસ્કનું વિતરણ કરવામાં આવ્યુ હતુતમામ કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ રામાણી દ્વારા કરવામાં આવ્યુ હતુ અને માર્ગદર્શન આચાર્યશ્રી ક્યનબેન વાઘેલા દ્વારા આપવામાં આવેલ દરેક શિક્ષક તથા વિદ્યાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

વંડા પીપીએસ હાઈસ્કૂલમાં વિદાયમાન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૯-૦૨-૨૨૦૧૫ ના રોજ અમારી શાળાશ્રી પી.પી.એસ.હાઇસ્કુલ વંડામાં ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના વરીષ્ઠ શિક્ષક એ.બી.કીકાણીએ બાળકોને શ્રેષ્ઠ તૈયારી કરી ઊમદા પરીણામ ની શુભેચ્છા આપી હતી સાથે શિક્ષિકા શ્રી પ્રવિણા બહેને બાળકોને સંસ્કારીતા અને આચરણ એટલે શું ? શ્રી રમેશભાઈ ભોયાએ વિદ્યાર્થી જીવનમાં વિનય, વિવેક, અને આદર પુર્વક કેમ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તે વિશે, શ્રી બી.આર.ખુમાણે ઉત્સાહ,ખંત અને ધીરજ જેવા ઉમદા ગુણો વિશે તથા પી.કા.ચૌહાણએ જ્ઞાન પિપાસુ જીવન ઘડતર અને શાળાના આચાર્ય શ્રી એલ.વી.પંડયા, નિરાશાવાદ હતોત્સાહ જેની નકારાત્મકતા જીવનમાં કેવી રીતે દુર કરી જીવન પંથ પર આગળ વધવું જેવી વિવિધ જ્ઞાન સભર વાતો સાથે આર્શીવચન સાથે અને શુભેચ્છા પાઠવી હતી. તેમજ ધો.૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીકાળ દરમ્યાન શાળા તથા સમાજસેવાની વિવિધ રચનાત્મક તેમજ સર્જનાત્મક ઉતમ કામગીરી બદલ એન.એસ.એસ.યુનિટ દ્વારા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને કિંમતી પુસ્તકો, પ્રમાણપત્રો વિગેરે આચાર્યશ્રી ના વરદ હસ્તે અર્પી સન્માનીત કરવામાં આવ્યા હતા. તમામ બાળકોને શાળાના મે.ટ્રસ્ટી શ્રી મનજીબાપાએ ઉજ્જવળ જીવનની શુભકામના અને આર્શીવાદનો શુભકામના અને આર્શીવાદનો શુભસંદેશ પાઠવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું શ્રી પી.એન.વ્યાસજીએ કર્યુ હતુ.

રાજકોટ મહાદેવધામમાં સુંદર કામગીરી કરનાર મહીલાઓનું ભવ્ય સન્માન કરાયું

જીવનનગર વિકાસ સમીતીએ શ્રેષ્ઠ કામગીરી કરનાર મહીલાઓનું સન્માન કર્યુ

રાજકોટ,રૈયા રોડ, બ્રહ્મસમાજ પાસે રામેશ્વર મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રિ પર્વની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. જીવનનગર વિકાસ સમિતિએ સુશોભન, રોશની અને સેવાકીય પ્રવૃત્તીઓમાં અગ્રેસર મહીલાઓનું અદકેરૂં સન્માન કર્યુ હતું. રક્ષાબેન બોળીયાએ મહીલાઓનું સન્માન કરતાં જણાવ્યું કે જીવનનગર વિકાસ સમિતિએ ટુંકાગાળામાં રચનાત્મક, સામાજીક, સેવાકીય, રાષ્ટ્રીય પ્રવૃત્તીઓ કરી હરણફાળ ભરી છે. જયંત પંડયાના નેતૃત્વનો ફાયદો ત્રણ-ચાર સોસાયટી ના રહીશોને મળે છે. તેમની જાગૃતીથી અનેક કામો મહાનગરપાલીકાના સહયોગથી થાય છે.સમિતિના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે સમાજે યોગ્ય સમયે કદર કરવી જોઈએ. શિવરાત્રિ પર્વમાં શ્રેષ્ઠ કામગીરી કરનારનું સન્માન કરતાં રહીશો ગૌરવ અનુભવે છે.

કિના કેટરર્સ & ડાઇનીંગ હોલ

સ્પે. ગુજરાતી થાળી - માર્કેટયાર્ડ સામે

જમવા માટે પધારો

ઓર્ડર કેળવા સેડ

(૨૩૦૨) ૨૩૩૪૪૬

રમેશભાઇ આર. પટેલ મો. ૯૮૨૫૫ ૪૬૦૨

દેવરાજ આર. પટેલ મો. ૯૮૨૫૬ ૨૫૬૯૮

ખેડુત ભાઇઓ માટે ખુશ ખબર...

કપાસ બોલગાર્ડ બિયારણ ચુવા ૭૨૫૫ તથા ટાટા કંપનીનું બોલગાર્ડ કેલાસ BtBG11 અને અનમોલ બિયારણ ઉતમ વેચાયટી છે જે આપ જાણો છો.

તે મેળવવા માટે બુકીગ ચાલુ કરેલ છે. તો હાલ ૧ પેકેટના રૂા.૨૦૦/- ભરી અને પહોચ મેળવી લેવા વિનંતી

: બુકીગ સ્થળ :

અમરેલી તાલુકા સંઘ લી. જયુબીલી ઘર્મશાળા,

દુ.નં.૩ મો.૯૪૨૮૭ ૧૨૮૫૫, દુ.નં.૭,મો.૯૮૨૫૫ ૪૨૩૧૧

(૨) વડીયા જુય વિ.વિ.કા. સહકારી મંડળી લી. જી.વડીયા

ઓ.ડી.પટેલ ફર્ટીલાઇઝ અમરેલી

૯૪૨૭૪ ૨૯૫૫૫

સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

અવધ ટાઇમ્સ

અમરેલી તા.૫-૩-૨૦૧૫ ગુરુવાર

પાના નં ૭

હરસ, ભગંદર, ફીશરની સંપૂર્ણ સારવાર

ૐ કાર એનોરેકટલ ક્લીનીક

ડો. પ્રણવ ડો. સાપરીયા BHMS

રેડ કોર્નર



અબ તક છપ્પન-૨

નાના પાટેકર

રેગ્યુલર શો

સી ટાઇમ ૧૧-૧૫ - ૩-૧૫ ૬૬-૧૫ - ૦૬-૧૫

સોનલ રોડ, અમરેલી ફોન : ૧૧૧૧૧૧૧૧

પ્રિન્સ ઓરકેસ્ટ્રા

મો. ૯૮૨૫૬ ૩૦૬૭૩

લાયસન્સ માટે મળો

આર.ટી.ઓ. તથા વિમા સલાહકાર

જમીન મકાન લે - વેચ

ભરતભાઇ : ૮૬ ૯૦૨ ૮૦૦ ૮૦

જાહેર નોટીસ

મહે. શ્રી ઘારીના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ઘારી

ફોજદારી પરચુરણ અરજ નં.૩૪-૧૫

અરજદાર : હિંમતભાઇ મનજીભાઇ હિરપરા રહે. કોઠાપીપરીયા

વિરૂધ્ધ:સામાવાળા : કોઠાપીપરીયા ગ્રામ પંચાયત

અરજદારના એડવોકેટ : કે.આર.હિરપરા

આથી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં આ અરજી કરી તેમના પુત્રી હિરપરા પિનલબેન હિંમતભાઇની જન્મ તા.૧૯-૧૧-૧૯૯૨ ની જન્મ નોંધ સામાવાળા ગ્રામ પંચાયત કરી આપે તેવો હુકમ મળવા માંગણી કરેલ છે આ અરજી સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૭-૩-૨૦૧૫ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦-૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય તે ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. ઘારી તા. ૨૧-૨-૧૫

હુકમથી

તૈયાર કરનાર — બી.સી.પંડયા રજીસ્ટ્રાર

એમ.કે.મકવાણા- આસી. — જયુ. મેજી. ફ.ક. કોર્ટ - ઘારી

જાહેર નોટીસ

મહે. શ્રી ઘારીના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ઘારી

ફોજદારી પરચુરણ અરજ નં.૩૮-૧૫

અરજદાર : રસીલાબેન રવજીભાઇ હિરપરા રહે. અમદાવાદ

વિરૂધ્ધ:સામાવાળા : ગોપાલગ્રામ ગ્રામ પંચાયત

અરજદારના એડવોકેટ : કે.આર.હિરપરા

આથી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં આ અરજી કરી તેમના પુત્રી હિરલબેન દિનેશભાઇ ગેવરીયાની જન્મ તા. ૩૦-૮-૧૯૮૪ ની જન્મ નોંધ સામાવાળા ગ્રામ પંચાયત કરી આપે તેવો હુકમ મળવા માંગણી કરેલ છે આ અરજી સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૧૩-૩-૨૦૧૫ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦-૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય તે ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. ઘારી તા. ૨૩-૨-૧૫

હુકમથી

તૈયાર કરનાર — બી.સી.પંડયા રજીસ્ટ્રાર

એમ.કે.મકવાણા- આસી. — જયુ. મેજી. ફ.ક. કોર્ટ - ઘારી

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬-૨૦૧૫

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

અરજદાર : જીવનભાઇ ગોવિંદભાઇ તરસરીયા રહે. ગીદરડી તા.ખાંભા જી.અમરેલી

વિરૂધ્ધ: સામાવાળા : તલાટીકમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કંકરી ગીદરડી મુ. ગીદરડી તા.ખાંભા,

અરજદારના વી.વ.શ્રી રાજુભાભાઇ આર. હરીયાણી રે. ખાંભા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં આ અરજી કરી તેઓએ તેમના માતુશ્રી નામે સ્વ. સાજુબેન ગોવિંદભાઇ તરસરીયાનુ મરણ તા.૨૫-૮-૧૯૯૪ના રોજ ગીદરડી મુકામે થયેલ હોવાની નોંધ સામાવાળા ગ્રામ પંચાયત કરી આપે તેવો હુકમ મળવા માંગણી કરેલ છે આ અરજી સામે જે કોઈને કોઇ વાંધો તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૨૭-૩-૨૦૧૫ ના રોજ અત્રેની કોર્ટમાં કલાક ૧૦-૩૦ વાગ્યે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા: ૨૭-૨-૧૫ ખાંભા

તૈયાર કરનાર — હુકમ થી

કમલેશ ડી.સોમાણી — આર.કે.મહેતા

આસી. — રજીસ્ટ્રાર જયુ. મેજી. ફ.ક. કોર્ટ ખાંભા

શ્રધ્ધાંજલી/ભંડારો/શકિતપુજન

સ્વ.વિલાસગીરી શાંતિગીરી ગોસાઇ (ગીરીબાપુ)

કે.વા.તા.૧-૩-૨૦૧૫ રવિવાર ફાગણ સુદ અગ્યારસ

અમારા પુ.પીતાશ્રી વિલાસગીરી શાંતિગીરી ગોસાઇ તા. ૧-૩-૧૫ ને રવિવાર ફાગણ સુદ અગીયારસના રોજ કૈલાસવાસી થયેલ છે.

મો.૯૯૯૮૩ ૬૦૪૦૯ - ૯૮૨૫૯ ૪૩૬૦૫

સદગતનો ભંડારો તા. ૧૨-૩-૨૦૧૫ ને ગુરૂવારના રોજ અમારા નિવાસ સ્થાન મોટા ગોખરવાળા મુકામે રાખેલ છે.

ધર્મેશગીરી વિલાસગીરી ગોસાઇ (પુત્ર)

મધુરગીરી વિલાસગીરી ગોસાઇ (પુત્ર)

બચુગીરી શકિતગીરી ગોસાઇ (ભાઇ)

નનુગીરી શકિતગીરી ગોસાઇ (ભાઇ)

ગોસાઇ પરીવારના ઓમ નમો નારાયણ

મુ. મોટા ગોખરવાળા તા.જી.અમરેલી

જિલ્લામાં દિવસભર મિશ્ર વાતાવરણ : સવારે ઠોઠો ઠાર અને બપોરે આકરો તડકો : રોગચાળાની દહેશત

જાહેર નોટીસ

મે.લાઠીના પ્રિન્સી. જયુડી.મેજી. ફ.ક.સાહેબની કોર્ટમાં મુ. લાઠી

ફો.પ.અ.નં. ૩૯-૨૦૧૫ - અજદાર તર્ફે વિ. વકીલશ્રી - વાય.સી.ત્રિવેદી

અરજદારશ્રી : વાલીબેન બચુભાઇ ગોરસીયા

વિરૂધ્ધ : સામાવાળા - જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી છાબડીયા

આથી લાગતા વળગતા સર્વે જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારે તેમના પુત્ર ભરતભાઇ બચુભાઇ ગોરસીયાનો જન્મ તા. ૧-૫-૧૯૫૯ના રોજ છબાડીયા મુકામે જન્મ થયેલ હોય તે અંગેની નોંધણી કરાવવા માટે અરજી કરેલ છે. આ અરજી સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે મુદત તા.૧૨-૩-૧૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જયુડી મેજી. ફ.ક.સાહેબની લાઠીની કોર્ટમાં હાજર રહેવું તેમ કરવામાં કસુર થયેથી આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો આજ તા.૩-૩-૧૫ કોર્ટના સહિ તથા સિકકા કરી આપ્યા.

તૈયાર કરનાર — મુકાબલ કરનાર — હુકમથી

એસ.કે.જાડેજા આસી. — એચ.એચ.રાઠોડ આસી. — એન.પી.જોષી- રજીસ્ટ્રાર લાઠી.

મે.જાફરાબાદના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. જાફરાબાદ

ફોજદારી પરચુરણ અરજ નં. ૧૫-૧૫

અરજદાર : સવિતાબેન મોહનભાઇ બારૈયા રહે. જાફરાબાદ

વિરૂધ્ધ : સામાવાળા :જન્મ-મરણ નોંધણી અધિકારી કમ ચીફ ઓફિસર જાફરાબાદ ન.પા.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના રહીશશ્રી સવીતાબેન મોહનભાઇ બારૈયાએ તેમના સંતાનો નામે (૧) રાજેશભાઇ મોહનભાઇ બારૈયાનો જન્મ જાફરાબાદ મુકામે તા. ૧-૬-૧૯૮૦ (૨) લક્ષ્મીબેન મોહનભાઇ બારૈયાનો જન્મ જાફરાબાદ મુકામે તા. ૧૫-૬-૧૯૮૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેમના વહીવટી દિલીપભાઇ નાનજીભાઇ બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ દફતરે કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૦-૪-૧૫ ના રોજ સવારના ૧૦-૩૦ વાગ્યાના સુમારે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા. ૨-૩-૧૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરીને આપ્યા.

તૈયાર કરનાર — તપાસનાર — હુકમથી

એસ.આર.ભંમર આસી. — એચ.એચ.સરવૈયા આસી. — આર.કે. વ્યાસ. રજીસ્ટ્રાર જયુ. મેજી. ફ.ક. કોર્ટ - જાફરાબાદ

જોઇએ છે - બી.કોમ.કોલેજ માટે

નુતન કોમર્સ કોલેજ

વાણિજય વિદ્યાશાખાના પૂર્ણ સમયના પ્રાધ્યાપકો

(૧) પ્રિન્સીપાલ - ૧, (૨) લાઇબ્રેરીયન - ૧, (૩) પી.ટી.આઇ.-૧ (૪) અંગ્રેજી - ૧, (૫) અર્થશાસ્ત્ર - ૧, (૬) કોમર્સ એકાઉન્ટનસી અને મેનેજમેન્ટ - ૧, (૭) આંકડાશાસ્ત્ર અને ગણીત - ૧

ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન ૧૫ માં જરૂરી પ્રમાણપત્રો તથા અનુભવના પ્રમાણપત્રોની નકલો તથા ૨ પાસપાર્ટ સાઈઝના ફોટા સાથે રજી.એડી.થી અરજી કરવી. પગાર ધોરણ અને લાયકાત UGC અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના નિયમો મુજબ રહેશે.

અરજી મોકલવાનુ સરનામુ

ઉપપ્રમુખશ્રી, અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ - સંચાલીત, નુતન કોમર્સ કોલેજ, c/o કે.કે.પારેખ અને મહેતા આર.પી.વિદ્યાલય, ચીતલ રોડ, અમરેલી

દુઃખદ અવસાન/ બેસણું



સ્વ.રંજનબેન કાંતીલાલ ઠાકર

સ્વ.તા.૪-૩-૨૦૧૫ મુ.રાજકોટ હાલ ઓસ્ટ્રેલીયા

અમારા ભાઈ કાંતીલાલ પ્રભાશંકર ઠાકર (તરકતળાવવાળા)ના ધર્મપત્ની અ.સૌ. રંજનબેન કાંતીલાલ ઠાકર, ઉ.વ.૫૮ નુ. તા.૪-૩-૧૫ બુધવાર ના રોજ ઓસ્ટ્રેલીયા ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણુ

તા. ૫-૩-૨૦૧૫ ને ગુરૂવાર ના રોજ નીચેના સ્થળે ૨-૦૦ થી ૬-૦૦ રાખેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના. (પિયરપક્ષનું બેસણુ સાથે રાખેલ છે) સ્થળ : સહજ હોલ, ચક્કરગઢ રોડ, ફાટક ઉતરતા અમરેલી

લી. ભાઇલાલભાઇ પ્રભાશંકર ઠાકર

પોપટલાલ પ્રભાશંકર ઠાકર

કાંતીલાલ પ્રભાશંકર ઠાકર (દાદા)

પ્રવિણભાઇ પ્રભાશંકર ઠાકર

દિનેશભાઇ પ્રભાશંકર ઠાકર

દ. કલ્પેશ કાંતીલાલ ઠાકર

હિરેન કાંતીલાલ ઠાકર

સંજય કાંતીલાલ ઠાકર

ભાઇઓ :- ગુણવંતરાય રતીલાલ ભટ્ટ

ઘનશ્યામભાઇ રતીલાલ ભટ્ટ

હીતેન્દ્ર નટવરલાલ ભટ્ટ

જાહેર નોટીસ

મે.લાઠીના પ્રિન્સી. જયુડી.મેજી. ફ.ક.સાહેબની કોર્ટમાં મુ. લાઠી

ફો.પ.અ.નં. ૩૮-૨૦૧૫ - અજદાર તર્ફે વિ. વકીલશ્રી - વાય.સી.ત્રિવેદી

અરજદારશ્રી : નરહરી નર્મદાશંકરભાઇ જોષી

વિરૂધ્ધ : સામાવાળા - જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી દામનગર

આથી લાગતા વળગતા સર્વે જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારે તેમના બહેન દેવીબેન નર્મદાશંકર જોષીનો જન્મ તા. ૧-૩-૧૯૫૨ ના રોજ દામનગર મુકામે જન્મ થયેલ હોય તે અંગેની નોંધણી કરાવવા માટે અરજી કરેલ છે. આ અરજી સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે મુદત તા.૧૨-૩-૧૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જયુડી મેજી. ફ.ક.સાહેબની લાઠીની કોર્ટમાં હાજર રહેવું તેમ કરવામાં કસુર થયેથી આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો આજ તા.૩-૩-૧૫ કોર્ટના સહિ તથા સિકકા કરી આપ્યા.

તૈયાર કરનાર — મુકાબલ કરનાર — હુકમથી

એસ.કે.જાડેજા આસી. — એચ.એચ.રાઠોડ આસી. — એન.પી.જોષી- રજીસ્ટ્રાર લાઠી.

EXIDE

BATTERY & INVERTER

ખેડુતો માટે સ્પે.ઓફર

જય કીશાન - ૮૮

વ્યાજબી ભાવે

હેવી વ્હીકલની બેટરી ઇન્વેટર બેટરી તથા ઇન્વેટરનાં સ્ટોકીસ્ટ

મનોજભાઇ બટ્ટ (મામા) મો.૯૪૨૭૨ ૧૯૭૬૯

સાંઈબાબા એન્ટરપ્રાઈઝ

શોપ નં.૧, સરદારી કોમ્પલેક્ષ-૨,

રો. સરદારીયા કાઉન્ટી હોટેલની સામે,અમરેલી.

શ્રધ્ધાંજલી

સ્વ. સવજીભાઇ ઝવેરભાઇ લીબાસીયા

સ્વ.તા.૨૭-૨-૨૦૧૫ મુ. અમરેલી

અંજલી આપતા શબ્દો ખુટે છે, પુષ્પાંજલી આપતા પુષ્પો ખુટે છે આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા, આપનુ સાદગી ભર્યુ પરંતુ વીર જાબાજ જીવન હતુ, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અમો જીવનભર ભુલીશુ નહી પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના

દામજીભાઇ મનજીભાઇ વીરડીયા - મામા

અશોક આર.ગોસ્વામી - ચલાલા

રાજેશ બી.વાગડીયા - ખીચા

નરેશભાઇ કસવાલા - જયેશભાઇ કસવાલા રીધ્ધી ટ્રાવેલ્સ

જયેશભાઇ જાદવ - લાઇફ કેવ - પરેશભાઇ શાહ - જય ટ્રાવેલ્સ

શ્રધ્ધાંજલી

સ્વ. સવજીભાઇ ઝવેરભાઇ લીબાસીયા

સ્વ.તા.૨૭-૨-૨૦૧૫ મુ. અમરેલી

સિધ્ધાંત જેનુ જીવન હતુ, સંસ્કાર જેનુ ચિંતન હતુ, પરીવાર જેનુ મંદિર હતુ, સ્નેહ જેની શકિત હતી, પરીશ્રમ જેનુ કર્તવ્ય હતુ, પરમાર્થ જેની ભકિત હતી, આપના જીવનની સુમધુર સુવાસ, પરોપકારી સ્વભાવને અમો કદી નહી ભુલીએ

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતી આપે એવી પ્રાર્થના

ચંદુભાઇ મથુરદાસ મોરજરીયા (શિવદ્વારી વાળા)

મનીશભાઇ ચંદુભાઇ મોરજરીયા (શિવદ્વારી વાળા)

ભાવેશકુમાર ચંદુભાઇ મોરજરીયા (શિવદ્વારી વાળા)

જયેશ ચંદુભાઇ (મુન્નો) મોરજરીયા (શિવદ્વારી વાળા)

અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલીની ચુંટણીનુ જાહેરનામુ

-// નમુનો - ૧ //-

(જુઓ નિયમ - ૧૬)

ક્રમાંક-ચટણ-વશી-૧૯૩ થી ૧૯૯ / ૨૦૧૫ — **નાયબ કલેકટર કચેરી અમરેલી તા.૩-૩-૧૫**

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓના સમિતિઓની ચુંટણી બાબત નિયમો - ૧૯૮૨ ના નિયમ - ૧૬ થી મળેલ સતાની રૂઇએ હુ અમરેલી સબ ડીવીઝનના નાયબ કલેકટર (પ્રાંત) અને ચુંટણી સતાધીકારી, અમરેલી નરીકે આથી જાહેર કરૂ છુ કે, અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલીના નામે ઓળખાતી નિર્દિષ્ટ સંઘ વ્યવસ્થાપક સમીતીના સભ્યોની તેના મતદારોમાંથી ચુંટાયેલા સભ્યોની બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગની પ્રથમ બેઠક મળે તે તારીખથી ત્રણ વર્ષની મુદત માટે (૧) સંયોજીત દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ ના પ્રતીનીધી - ૬, (૨) સંયોજીત મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ - ૩, (૩) વ્યકિતગત શેર હોલ્ડર (ડેલીગેટ)માંથી પ્રતિનિધિ-૪, (૪) સંયોજીત મહિલા સહકારી મંડળીઓના પ્રતિનિધિ - ૨, (૫) અન્ય સંયોજીત સહકારી મંડળીઓ (ઇતર)ના પ્રતીનીધી-૨, એમ મળી કુલ ૧૭ (સતર) બેઠકોની ચુંટણી થવાની છે. અને નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ (ઝોન) અથવા મતદાર મંડળો જેનો આમા હવે "સબંધીત" મતદાર મંડળ (ઝોન) તરીકે ઉલ્લેખ કર્યો છે. તેની ચુંટણીના સબંધમાં.

:: અનુસુચિ ::

૧.	ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ,સમય,અને સ્થળ	::-	તા.૧૩/૩/૨૦૧૫, ૧૫-૦૦ કલાક સુધી, મામલતદાર કચેરી, અમરેલી.
૨.	ઉમેદવારીપત્રોની પ્રસિધ્ધિની તારીખ	::-	ઉમેદવારીપત્રો ભરવા માટેની ઠરાવેલી છેલ્લી તારીખ. ૧૩/૩/૨૦૧૫,
૩.	ઉમેદવારીપત્રો ચકાસવાની તારીખ,સમય,અને સ્થળ	::-	તા. ૧૬/૩/૨૦૧૫, ૧૫-૦૦ કલાક સુધી, મામલતદાર કચેરી, અમરેલી.
૪.	માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધિની તારીખ,	::-	તા. ૧૮/૩/૨૦૧૫,
૫.	ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ,	::-	તા. ૨૪/૩/૨૦૧૫, ૧૫-૦૦ કલાક સુધી,
૬.	હરીફ ઉમેદવારની છેલ્લી યાદીની પ્રસિધ્ધિની તારીખ,	::-	તા. ૨૫/૩/૨૦૧૫, ૧૫-૦૦ કલાક સુધી,
૭.	મતદાનની તારીખ, સ્થળ, અને સમય	::-	તા.૧/૪/૨૦૧૫, સમય સવારના ૯-૦૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી,આંબેડકર ભવન, બહુમાળી બિલ્ડીંગ પાસે, રાજ મહેલ કમ્પાઉન્ડ, અમરેલી.
૮.	મતગણતરી માટેની તારીખ,સમય, અને સ્થળ,	::-	તા. ૩/૪/૨૦૧૫, સમય સવારના ૯-૦૦ કલાકથી પૂર્ણ થતાં સુધી,
૯.	મતદાનનાં પરિણામની જાહેરાતની તારીખ,	::-	મતગણતરી પછી તરત જ

(એચ. આર. પરીખ)

ચુંટણી સતાધીકારી

અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલી

-વ- નાયબ કલેકટર અમરેલી

અમરેલી જિલ્લામાં ૧૪૪મી કલમ લાગુ કરતા અધિક કલેકટર શ્રી એ.વી.વાટેર

સ્વાઇનફ્લૂનો ફેલાવો અટકાવવા માટે પગલું જાહેર સમારંભો માટે પુર્વ પરવાનગી જરૂરી

અમરેલી, તાજેતરમાં સમગ્ર ગુજરાત રાજયમાં સ્વાઇનફ્લૂનો રોગચાળો ભયંકર રીતે ફેલાયેલ છે, જેના કારણે ભયનું વાતાવરણ ઉપસ્થિત થયું છે. જાહેર સ્થળો તથા દવાખાનામાં મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાથી માણસોની ભીડના કારણે, સ્વાઇનફલૂથી પ્રભાવીત લોકો મારફત સ્વાઇનફલૂના વાયરસનો ફેલાવો વધુ

(અનુસંધાન પાનાનં.૩)

છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ

શ્રધ્ધાંજલી

સ્વ. બીજલભાઇ મુળુભાઇ વાઘ

સ્વ. તા.૫-૩-૨૦૦૯ મું. રામપરા -૨

એકાંતમાં રડી લઇશું જ્યારે આવશે તમારી યાદ, જ્યાં કુદરત રૂઠી ગયો ત્યા કોને કરવી ફરીયાદ, હસીને હસાવનારા સદાકાર અમોને રડાવી ગયા, અણધારી વિદાય એવી લીધી કે અમારે કાળજે ઘા કરી ગયા, મુરલીધર પ્રભુ તમારા આત્માને પરમ શાંતી અર્પે એજ પ્રાર્થના...

લી.

બાબુભાઇ મુળુભાઇ વાઘ
સુમરાભાઇ મુળુભાઇ વાઘ
લખમણભાઇ મુળુભાઇ વાઘ

ગોપાલ સપ્લાયર્સ

રામપરા- ૨, પીપાવાવ પોર્ટ સમગ્ર સ્ટાફ પરિવાર

દુઃખદ અવસાન

બેસણું

સ્વ.રજની હસમુખભાઇ કાથરોટીયા (ઉ.વ.૨૪)

જન્મ તા. ૧-૪-૧૯૯૧, સ્વ.તા.૩-૩-૨૦૧૫

અમારો હૃદયથી વ્હાલો પુત્ર રજની હસમુખભાઇ કાથરોટીયાનુ તા. ૩-૩-૨૦૧૫ મંગળવારના રોજ સુરત મુકામે દુઃખદ અવસાન થયેલ છે પરમ કૃપાળુ પરમાત્મા અમારા પરીવારના આ નાજુક ફુલને પોતાના ચરણોમાં સ્થાન અર્પે એજ પ્રાર્થના

સદગતનું બેસણું : તા. ૭-૩-૨૦૧૫ ને શનીવારે સવારે ૮ થી સાંજના ૬ સુધી અમારા નીવાસ સ્થાને દાનેવ પ્લોટ ચલાલા મુકામે રાખેલ છે.

સદગતની દશા : તા. ૧૩-૩-૨૦૧૫ તથા ઉતરક્રિયા તા. ૧૪-૩-૧૫ ના રોજ રાખેલ છે.

લી.

સ્વ. દુદાભાઇ જાગાભાઇ કાથરોટીયા (દાદા)

વિઠલભાઇ દુદાભાઇ કાથરોટીયા - કનુભાઇ દુદાભાઇ કાથરોટીયા (મોટા બાપુજી)

મનસુખભાઇ દુદાભાઇ કાથરોટીયા (મોટા બાપુજી) - હસમુખભાઇ દુદાભાઇ કાથરોટીયા (પીતા)

બાવચંદભાઇ દુદાભાઇ કાથરોટીયા - ચતુરભાઇ દુદાભાઇ કાથરોટીયા (કાકા)

ભાઇઓ :- હરેશભાઇ, ભાર્ગવભાઇ, રાજેશભાઇ, અશોકભાઇ, ભાવેશભાઇ, નિલેશભાઇ, વિશાલભાઇ, તુષાર, અલ્પેશ, દર્શીત, કેવીન

બહેનો :- સ્વ.ચાંદની, કૈલાસબેન, ઉર્વી, મયુરી, જલ્પા, પ્રજ્ઞા

ગં.સ્વ. ચંપાબેન દુદાભાઇ કાથરોટીયાના જયશ્રી કૃષ્ણ.

સર્વે ખેડુત મીત્રો, સ્નેહીઓ, વડિલોને ધુળેટીની શુભકામના

ટુંક સમયમાં અમરેલીમાં ભવ્ય

શુભારંભ

સર્વ શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ટેકનોલોજી ધરાવતુ ઇન્ડો ફાર્મ ટ્રેકટર

- ૪ સીરીઝ
- પાવર સ્ટેરીંગ
- ઓઇલ બ્રેક
- ટુકો ટન
- ડિઝલની વધુમા વધુ બચત
- આંતરરાષ્ટ્રીય સ્તરની ટેકનોલોજી

ઓથો ડિલર

પુજા ટ્રેકટર્સ

લાઠી રોડ, બાયપાસ, જાનકી ઓઇલમીલ પાસે, અમરેલી

INDO FARM EQUIPMENT LIMITED

વિશેષ માહિતી માટે

૯૪૨૬૯ ૯૬૬૯૨ , ૯૪૨૭૨ ૦૬૪૧૭

શ્રધ્ધાંજલી

સ્વ.રજની હસમુખભાઇ કાથરોટીયા (ઉ.વ.૨૪)

જન્મ તા. ૧-૪-૧૯૯૧, સ્વ.તા.૩-૩-૨૦૧૫

હે ઠાકર તને શું ઠપકો દઉ, છતાં જરા ઠુંકમાં લેને કહી દઉ, શું હતો અમારો વાંક, પ્રભુ અમને બનાવી નાખ્યા રાંક મારૂ હતું એજ તે લીધું મારૂ ખોરડું ખાલી કીધુ પ્રભુ તને કહું એટલું ઓછું છે આ આત્માને શાંતી આપજે એટલે ઘણું છે.

ૐ શાંતી શાંતી શાંતી

લી.

મનુભાઇ કાળાભાઇ કાથરોટીયા
કિશોરભાઇ મનુભાઇ કાથરોટીયા (સુરત)
નંદલાલભાઇ મનુભાઇ કાથરોટીયા
અતુલકુમાર મનુભાઇ કાથરોટીયા
(મંત્રી અમરેલી જિલ્લા પ્રાથમીક શિક્ષક શરાફી મંડળી)
મીત કિશોરભાઇ કાથરોટીયા - સુરત
ધર્મીલ અતુલભાઇ કાથરોટીયા - વૃષ્ટિ અતુલભાઇ કાથરોટીયા
ભરતકુમાર દેવજીભાઇ સોજીત્રા (સુરત)

અમારા જાબાજ ડિરેક્ટર સ્વ. રાજુભાઇ વાળાને

ભાવભરી શ્રધ્ધાંજલી

સ્વ રાજુભાઇ બી વાળા - પુર્વ ડીરેક્ટર માલવીયા બચત ધિરાણ સ.મંડળી

સ્વ.તા.૫/૩/૨૦૧૩ મુ.ચલાલા

નથી છતા પણ હયાત છો એમ હરદમ લાગ્યા કરે છે તમારી હાજરીનો આભાસ હરદમ રહયા કરે છે હસીને હસાવનાર અમોને રડાવી ગયા અણધારી વિદાય એવી લીધી કે અમારા કાળજે ઘા કરી ગયા પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના

પ્રમુખશ્રી ઉપપ્રમુખશ્રી મંત્રી

તથા તમામ ડિરેક્ટરશ્રીઓ અને તમામ સભાસદો
માલવીયા બચત ધિરાણ સહકારી મંડળી લી.ચલાલા

આપનો અગ્રિમ કર રાષ્ટ્ર સન્માન

ને જાળવી રાખવામાં મદદ કરે છે

જરૂર લખો આપનો **પાન**

આપના અગ્રિમ કરનું ચુકવણું

15

માર્ચ ૨૦૧૫

ના અથવા તે પહેલા કરો

કંપનીઓ માટે ચોથો પ્રયત્ન અને અન્ય કરદાતાઓ માટે ત્રીજો પ્રયત્ન

અધિકૃત બેન્ક શાખાઓ,ચલણ પત્ર, ઇ-ચુકવણું, ચલણ સ્થિતિની જાણકારી માટે www.incometaxindia.gov.in પર જાઓ

આયકર વિભાગ
www.incometaxindia.gov.in

ચુકવણું કઇ રીતે કરવું

કોઇ પણ નિર્ધારિત જેના સ્રોત ઉપર કપાયેલ - બચત કરેલ કર ઉપરાંત નાણાકીય વર્ષ માટે કરની રકમ રૂપિયા ૧૦ હજાર અથવા તેનાથી વધારે હોય, સિવાય નિવાસી વિશીષ્ટ નાગરિક જેમનો ધંધો વ્યવસાયથી આવક નથી

ચુકવણું ક્યાં કરવું ?

- ૩૦ અધિકૃત બેન્કોના નેટ બેન્કીંગ સુવિધાના માધ્યમથી ઇ-ચુકવણું
- ૧૩ બેન્કોના એટીએમ
- ચલણ પત્ર(આઇટીએનએસ ૨૮૦)ના માધ્યમથી કોઇ અધિકૃત બેન્ક શાખામાં

ચુકવણું કેવી રીતે કરવું

- તમામ કંપનીઓને અન્ય નિર્ધારિત (જેના ખાતામાં આવકવેરા અધિનિયમની કલમ ૪૪ એબી અંતર્ગત ઓડીટ કરેલ આવશ્યક હોય) માટે ઇ-ચુકવણું અનિવાર્ય છે.
- ઇ-ચુકવણું અન્ય તમામ કરદાતાઓ માટે પણ સુવિધા જનક છે. કારણ કે તે કરદાતા દ્વારા અપલોડ કરેલ ડેટાના આધાર પર સાચી ક્રેડીટ નક્કી કરે છે.

જો આપે આપની આવકની વિગતો આજ સુધી દાખલ કરી ન હોય તો ૩૧ માર્ચ ૨૦૧૫ સુધી જરૂર દાખલ કરો.